પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 06-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : Friday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

GNR ST BUS

ગાંધીનગરમાં પથિકાશ્રમ એસ.ટી. ડેપોથી એસ.ટી. નિગમની 101 નવી બસનું લોકાર્પણ કરાયું. આ વખતે આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને વાહનવ્યવહાર રાજ્યમંત્રી પ્રવિણ માળી વિશેષ ઉપસ્થિત રહ્યા. આ વખતે મંત્રીઓની જગ્યાએ બસનાચાલક અને કંડક્ટરના હસ્તે નવી બસોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું. સાથે જ મંચ પર ચાલક અને કંડક્ટરને સ્થાન આપી પુષ્પથી તેમનું સન્માન પણ કરાયું. દરમિયાન વાહનવ્યવહાર રાજ્યમંત્રી પ્રવિણ માળીએ પત્રકારો સાથે સંવાદ કર્યો હતો.

(BYTE: PRAVEEN MALI, MINISTER OF STATE TRANSPORT)

ત્યારબાદ શ્રી સંઘવી સરકારી કાફલાની જગ્યાએ એસ.ટી. બસમાં મુસાફરી કરી વિવિધ આગેવાનો સાથે બસમાં બીજા કાર્યક્રમમાં પહોંચ્યા હતા.

CM DHANTERAS GREETINGS

દેશ અને વિશ્વમાં આજે ધનતેરસના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પર્વ ધન, ઉત્તમ સ્વાસ્થ્ય અને સમૃદ્ધિનું પ્રતીક છે. આ અવસરે ભગવાન ધન્વંતરિ, માઁ લક્ષ્મી અને ભગવાન કુબેરની પૂજા કરવામાં આવે છે. એક માન્યતા મુજબ, ધનતેરસ પર શુભ મુહૂર્તમાં પૂજા-અર્ચના કરવા અને ખરીદી કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ આવે છે. આજના દિવસે સોનું, ચાંદી, વાસણ, વાહન અને અન્ય કોઈ નવી વસ્તુઓ ખરીદવાની પણ પ્રાચીન પરંપરા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સૌને ધનતેરસના પાવન પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે કહ્યું, માઁ લક્ષ્મી અને ભગવાન ધન્વંતરિની કૃપા આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને વૈભવ લાવે તેવી પ્રાર્થના.

RAJYAPAL MAHISAGAR VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મહીસાગરના બાલાસિનોર તાલુકાના કરણપુર ગામમાં પ્રગતિશીલ ખેડૂત દિનેશ પટેલના પ્રાકૃતિક કૃષિ મૉડેલ ફાર્મની મુલાકાત લીધી. આ પ્રસંગે રાજ્યપાલે પોતે ગાય દોહી ખેડૂતોને દેશી ગાયનું પાલન કરવા પર ભાર આપ્યો. ત્યારબાદ રાજ્યપાલે ખેતરમાં હળ ચલાવી જમીન અને પાકની પરિસ્થિતિ નિહાળી હતી.

ઉપરાંત રાજ્યપાલે કૃષિ અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ અને કર્મચારીઓને જણાવ્યું કે, સરકારે તૈયાર કરાયેલા ક્લસ્ટર અને માસ્ટર ટ્રેનર્સ માત્ર કાગળ પર ન રહેતા ગામડાઓમાં સીધા ખેડૂતોના ખેતર સુધી પહોંચે તે જરૂરી છે.

BVR DHANTERAS RANGOLI

ભાવનગરની એક સંસ્થા દ્વારા લોકોની કલ્પના શક્તિ અને સર્જનાત્મકતાને બિરદાવવા માટે રંગોના પર્વ નિમિત્તે આજે રંગોળી સ્પર્ધા યોજાઈ ગઈ. કળા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાના હેતુસર ઘોઘા સર્કલ બગીચાની ફરતે આ સ્પર્ધા યોજાઈ. દરમિયાન સ્પર્ધકોને બે સમૂહમાં વહેંચી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા કુલ 15 વિજેતાઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરાયા.

METRO RAIL DIWALI

દિવાળીના તહેવારની ઉજવણીના અવસરે, જાહેરમાં ફટાકડા ફોડવામાં આવતા હોવાથી મુસાફરોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને, દિવાળીના દિવસે આઠમી નવેમ્બરના રોજ મેટ્રો ટ્રેન સેવાઓનો સમય સવારે 6:20 કલાકથી સાંજે 7:00 વાગ્યા સુધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દિવાળીના દિવસે છેલ્લી ટ્રેનના પ્રસ્થાનનો સમય વસ્ત્રાલ ગામથી થલતેજ તેમજ APMCથી કોટેશ્વરનો સવારે 6.20થી સાત વાગ્યા સુધી તેમજ APMCથી મહાત્મા મંદીર અને APMCથી ગિફ્ટ સિટીનો સમય સવારે 6.20 થી સાંજે છ વાગ્યા સુધીનો રહેશે.

GNR DIVDA VECHAN

ગાંધીનગરમાં સેક્ટર 21 માર્કેટ ખાતે દિવ્યાંગ બાળકો દ્વારા તૈયાર કરાયેલા દિવડાઓના વેચાણનો વિશેષ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે દિવડાઓનું વેચાણ કરાયું. દિવ્યાંગ બાળકોની કળા અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો પણ જોડાયા હતા. દરમિયાન શ્રી સંઘવીએ દિવ્યાંગ બાળકોની મહેનતને બિરદાવી હતી.

TP BUS ACCIDENT

તાપીમાં વ્યારા તાલુકાના માયપુર નજીક મહારાષ્ટ્ર નિગમની બસને અકસ્માત નડ્યાના અહેવાલ છે. ટ્રકનું સ્ટિયરિંગ લૉક થઈ જતાં પાછળથી આવતી બસ રસ્તાની બાજુમાં ઉતરી ગઈ હતી. ધૂળિયાથી સુરત તરફ જતી બસમાં સવાર 10થી વધુ મુસાફરોનો આબાદ બચાવ થયો છે.

MSGR GRAM PANCHAYAT SEAT

મહીસાગરમાં કલેક્ટર દ્વારા ગ્રામ પંચાયતોની સીટો જાહેર કરવામાં આવી. લુણાવાડા, કોઠંબા, સંતરામપુર, ગોધર, બાલાસિનોર, વિરપુર, કડાણા અને ખાનપુર એમ આઠ તાલુકાની 262 ગ્રામ પંચાયતમાં હવે ચૂંટણી યોજાશે.

MSN HOSPITAL MACHINE

મહેસાણામાં વડનગરની સિવિલ હૉસ્પિટલમાં સરકાર દ્વારા 68 લાખ રૂપિયાની ચાર અત્યાધુનિક અલ્ટ્રાસાઉન્ડ મશીનની ફાળવણી કરવામાં આવી છે. આ મશીન થકી ગર્ભવતી મહિલાઓ તેમજ વિવિધ રોગના નિદાન માટે આવતા દર્દીઓને લાભ થશે.